# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધો : અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/૩૨૨૫/૨૦૧૯ તા.૨૦/૦૭/૨૦૧૯

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ પરિપત્રથી Government e-Marketplace (GeM) પરથી ખરીદી કરવા જણાવેલ હતું તે અન્વયે નીચેની બાબતોને ચુસ્તપણે અનુસરીને ખરીદી કરવા જણાવવામાં આવે છે.

1. જે વસ્તુ / કામગીરી GeM પર ઉપલબ્ધ હોય તેની ખરીદી / કામગીરી ફરજીયાત પણે GeM પરથી કરવા જણાવવામાં આવે છે.
2. જે વસ્તુ / કામગીરી GeM પર ઉપલબ્ધ ન હોય તેના કેટેગરી ક્રિએશન દ્વારા તથા બીડ કરીને GeM પરથી ખરીદીની કાર્યવાહી હાથ ધરવી.
3. ઉપરોકત બંન્ને રીતો ચકાસ્યા બાદ પણ જે વસ્તુ / કામગીરી GeM પર ઉપલબ્ધ ન હોય તેની ખરીદી માટે તમામ વિગતો સાથેની અરજી ઉધોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને મોકલીને તેમની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ સરકારશ્રી તેમજ યુનિવર્સિટીના ખરીદીના નિતિ નિયમો મુજબ GeM સિવાય સરકાર માન્ય અન્ય પધ્ધતિથી ખરીદી કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, આઇ.ટી.ને લગતી કોઇ પણ ખરીદી જેમ કે, કોમ્પ્યુટર, પ્રિન્ટર, સોફટવેર, કેમેરા, રાઉટર, ફેકસ મશીન, ઝેરોક્ષ મશીન, બાયો મેટ્રીક મશીન, જીપીએસ ડીવાઇસ, યુપીએસ, પ્રોજેકટર વિગેરેની ખંરીદી માટે પણ ઉપરોકત દર્શાવ્યા મુજબની પધ્ધતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વધુમાં, યુનિવર્સિટી સ્ટેચ્યુટ નં. એસ. ૧૨૧ની આઇટમ નં. ૬૭માં આપેલ નાણાંકીય સત્તા જેમ કે, યુનિટ અધિકારીને રૂા. ૧,૫૦૦/- અને યુનિવર્સિટી અધિકારીને રૂા. ૫,૦૦૦/- સુધીની ખરીદી પર્સનલ ઈન્કવાયરીથી કરી શકે છે, તે પ્રથા ચાલુ રાખીને ખરીદી હાથ ધરી શકાશે

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૧૫૭૪ /૨૦૨૦
તા.૦૯/૦૭/૨૦૨૦

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

નકલ રવાના પ્રતિ,

1. નિયામકશ્રી (આઇ.ટી), આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ
2. ડીનશ્રી, કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી, આણંદ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ
3. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ